## **<u>માનનીય ધારાસભ્યશ્રી-૧નું ગુજરાત ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ એક્ટ, ૨૦૧૭ ના સુધારા પર વક્તવ્ય</u>**:

પરોક્ષ કરવેરા પ્રણાલીમાં કરદાતાઓને ફાયદો થાય અને તેમનાં કોમ્પલાયન્સ કોસ્ટમાં ઘટાડો થાય તે માટે નાણાંમંત્રીશ્રીએ રજુ કરેલ જીએસટી કાયદાનાં સુધારા વિધેયકની સૂચિત જોગવાઇઓને હું ટેકો આપું છું અને આવી કેટલીક વિશેષ બાબતોથી ગૃહને અવગત કરવા માંગું છું.

કરદાતાઓને ટેક્સ કોમ્પલાયન્સમાં વધુ સરળતા માટે તેમજ તેમને વિવિધ પ્રકારની રાહતો આપવા માટે જીએસટી કાઉન્સિલ દ્વારા અવાર-નવાર ભલામણો કરવામાં આવે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન જી.એસ.ટી કાયદા હેઠળ કરદાતાઓને ઘણી રાહતો અને છૂટ-છાટો આપવામાં આવેલ છે, જેમ કે,-

- બિપોરજોય વાવાઝોડાને કારણે કચ્છ, જામનગર, મોરબી, પાટણ અને બનાસકાંઠાનાં જિલ્લાઓનાં કરદાતાઓ માટે પત્રકો રજુ કરવાની મુદતમાં વધારો
- નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન રૂ. ૨ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતાં કરદાતાઓને આવાં વર્ષ માટેનાં વાર્ષિક પત્રક રજુ કરવામાંથી મુક્તિ.
- કોમ્પોઝીશનનો વિકલ્પ પસંદ કરેલ હોય તેવાં નાનાં કરદાતાઓને એમ્નેસ્ટી સ્વરૂપે જુનાં પત્રકો રજુ કરવામાં માટેની લેટ ફી માં રાહત.
- પત્રક કસૂરનાં કારણે તા. ૩૧/૧૨/૨૦૨૨ સુધીમાં જે કરદાતાઓનાં નોંધણી નંબર રદ કરવામાં આવેલ હોય

તેવાં કરદાતાઓ માટે નોંધણી નંબર પુન: શરૂ કરાવવા માટે નિયત સમયમર્યાદામાં તા. ૩૧/૦૮/૨૦૨૩ સુધીનો વધારો.

- પત્રક કસૂરદાર દ્વારા તા. ૩૧/૦૮/૨૦૨૩ સુધીમાં પત્રકો રજુ કરવામાં આવે તો અધિકારી દ્વારા પસાર કરવામાં આવેલ આકારણી આદેશને પરત ખેંચેલ માની લેવાં
- જુનાં સમયગાળા માટેનાં વાર્ષિક પત્રકો નિયત સમયમર્યાદામાં રજુ કરવામાં આવેલ ન હોય તેવાં કિસ્સામાં લેટ ફીમાં રાહત સાથે આવી લેટ ફીની રકમને rationalize કરવામાં આવી.
- નોંધણી નંબર રદ થયા બાદ નિયત સમયમર્યાદામાં અંતિમ પત્રક રજુ કરવામાં આવેલ ન હોય તેવાં કિસ્સામાં લેટ ફી માં રાહત.

આ જ દિશામાં આગળ વધતાં નાનાં કરદાતાઓને ખૂબ મોટી રાહત આપવામાં આવે છે. જી.એસ.ટી. કાયદાની હાલની જોગવાઇ મુજબ ઇ-કોમર્સ ઓપરેટર મારફત ચીજ-વસ્તુ કે સેવાનો સપ્લાય કરનાર કરદાતાને કોમ્પોઝીશનનો લાભ મળવાપાત્ર નથી. પરંતુ, ઇ-કોમર્સ ઓપરેટર મારફત ચીજ-વસ્તુનો સપ્લાય કરનાર નાનાં કરદાતાઓ પણ  કોમ્પોઝીશનનો લાભ મેળવી શકે તેવી જોગવાઇ પ્રસ્તુત વિધેયકમાં કરવામાં આવે છે, જેથી આવાં કરદાતાઓનાં કોમ્પ્લાયન્સ કોસ્ટમાં ઘટાડો થશે.

જી.એસ.ટી. કાયદાની હાલની જોગવાઇઓને ધ્યાને લેતાં, રજીસ્ટ્રેશન રદ કરવામાં આવેલ હોય તેવાં કિસ્સામાં રજીસ્ટ્રેશન નંબર પુન: શરૂ કરાવવા માટે અરજી કરવા માટેની સમયમર્યાદા કુલ ૯૦ દિવસ છે, જેનો ઉલ્લેખ કાયદાની જોગવાઇઓમાં જ

કરવામાં આવેલ છે. પરિણામે, ઘણાં કરદાતાઓ જો આવી સમયમર્યાદા ચૂકી જાય તો તેઓએ રજીસ્ટ્રેશન નંબર પુન: શરૂ કરાવવા માટે અપીલ દાખલ કરવાની રહે છે. આવી જોગવાઇ હોવાને કારણે કેટલીક વાર કરદાતાઓએ મુશ્કેલી સાથે કોમ્પ્લાયન્સ કોસ્ટનો સામનો કરવો પડતો હતો. આથી, કરદાતાનાં હિતમાં flexibility જળવાઇ રહે તે હેતુથી રજીસ્ટ્રેશન નંબર પુન: શરૂ કરાવવા માટે અરજી કરવા અંગેની સમયમર્યાદા નિયમોથી નક્કી કરી શકાય તેવી જોગવાઇ પ્રસ્તુત વિધેયકમાં કરવાની દરખાસ્ત છે.

કરદાતાઓનાં કોમ્પ્લાયન્સ કોસ્ટમાં ઘટાડો કરવાનાં હેતુથી જી.એસ.ટી. કાયદા હેઠળનાં કેટલાંક નાનાં ગુનાઓ જેવાં કે, (i) કોઇ અધિકારીને પોતાની ફરજો બજાવવામાં અવરોધવાં/અટકાવવા; (ii) કોઇ મહત્વનાં પુરાવા અથવા દસ્તાવેજો સાથે ચેડાં કરવાં કે તેનો નાશ કરવો; (iii) કોઇ માહિતી પૂરી ના પાડવી અથવા ખોટી માહિતી પૂરી પાડવી વગેરેને પ્રસ્તુત વિધેયકથી Decriminalize કરવામાં આવે છે. આ ઉપરાંત, બિલીંગ સિવાયનાં અન્ય ગુનાઓનાં કિસ્સામાં પ્રોસીક્યુશન માટેની નાણાંકીય મર્યાદા એક કરોડ રૂપિયાની જગ્યાએ બે કરોડ રૂપિયા સુધી વધારવામાં આવે છે.

હાલની જોગવાઇને ધ્યાને લેતાં પત્રક કસૂરદારનાં કિસ્સામાં આકારણી કર્યા બાદ આકારણી આદેશ બજ્યાનાં ૩૦ દિવસમાં જો યોગ્ય પત્રક રજૂ કરી દેવામાં આવે તો અધિકારી દ્વારા પસાર કરવામાં આવેલ આકારણી આદેશને પરત ખેંચેલ માની લેવાનો રહે છે. પત્રક કસૂરદારનાં કિસ્સામાં આકારણી કર્યા બાદ પત્રક રજૂ કરવા માટે વધુ ૩૦ દિવસનો એટલે કે કુલ ૬૦ દિવસનો

સમય આપવા માટે તેમજ આવો સમય પૂર્ણ થયા બાદ લેટ ફી સહિત વધુ બીજા ૬૦ દિવસનો સમય આપવા માટેની જોગવાઇનો પ્રસ્તુત વિધેયકમાં સમાવેશ કરવામાં આવે છે, જેથી આવાં કિસ્સામાં કરદાતાને રિકવરીની કાર્યવાહીમાંથી ખૂબ મોટી રાહત મળી રહેશે.

દેશમાં દાખલ થયા વિના દેશની બહાર થતાં ચીજ-વસ્તુનાં સપ્લાયનાં વ્યવહારો તેમજ ઘરેલુ વપરાશ માટેનાં ક્લીયરન્સ પહેલાં વેરહાઉસમાં હોય તેવી ચીજવસ્તુઓનાં સપ્લાયનાં વ્યવહારોને જી.એસ.ટી. કાયદા હેઠળ “સપ્લાય” ન ગણવા બાબતની જોગવાઇ અગાઉ તા. ૦૧/૦૨/૨૦૧૯ની અસરથી અમલી બનાવવામાં આવી હતી. વર્ષ ૨૦૧૮ નાં સુધારાથી અમલી બનાવવામાં આવેલ હતી. પરંતુ, તા. ૦૧/૦૭/૨૦૧૭ થી તા. ૩૧/૦૧/૨૦૧૯ સુધીનાં વ્યવહારોને પણ આવી જોગવાઇનો લાભ મળે અને તેનાં પર જી.એસ.ટી. કાયદા હેઠળ કોઇ વેરાકીય જવાબદારી આવે નહિ તે હેતુથી સદર જોગવાઇને પાશ્ચાતઅર્થી અસરથી એટલે કે તા. ૦૧/૦૭/૨૦૧૭ની અસરથી અમલી બનાવવામાં આવે છે.

આવી તમામ બાબતોને ધ્યાને લેતાં, જી.એસ.ટી. કાયદામાં સુધારા અંગે માન. નાણાંમંત્રીશ્રીએ રજુ કરેલ પ્રસ્તુત વિધેયકને અંત:કરણપૂર્વક મારો ટેકો જાહેર કરું છું.